પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૯ | ૧૧ નવેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દ્વારકામાંથી ૩૫૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

**ગુજરાત ડ્રગ્સ માફિયાઓને માફક આવ્યું : ડ્રગ્સના વેચાણમાં ગુજરાત પંજાબ જેવુ બની રહ્યું છે, એક સમયે પંજાબથી આખા દેશમાં ડ્રગ્સ પહોંચાડાતુ હતુ, હવે ગુજરાત ડ્રગ્સ માફિયાનો અડ્ડો બન્યો**





અમદાવાદ,તા.૧૦

ડ્રગ્સના વેચાણમાં હવે ગુજરાત પંજાબ જેવુ બની રહ્યું છે. એક સમયે પંજાબથી આખા દેશમાં ડ્રગ્સ પહોંચાડાતુ હતુ. હવે ગુજરાત ડ્રગ્સ માફિયાઓનો અડ્ડો બન્યો છે. ગુજરાતના દરિયા માર્ગેથી ઘૂસાડાતો ડ્રગ્સનો વધુ એક મોટો જથ્થો પકડાઈ ચૂક્યો છે. મુન્દ્રામાં કરોડોના ડ્રગ્સ બાદ પકડાયા બાદ હવે દ્વારકામાંથી કરોડોનો ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. દેવભૂમિ દ્વારકામાથી ડ્રગ્સનો કરોડોની કિંમતનું ડ્રગ્સ ઝડપાયુ છે. દરિયાઈ માર્ગેથી આવતો ૬૬ કિલો ડ્રગ્સ જપ્ત કરાયુ છે. આંતરાષ્ટ્રીય કિંમત પ્રમાણે અંદાજે ૩૫૦ કરોડની કિંમતનું ડ્રગ્સ છે. ગુજરાતના

**દરિયાઈ માર્ગેથી આવતો ૬૬ કિલો ડ્રગ્સ જપ્ત : આંતરાષ્ટ્રીય કિંમત પ્રમાણે અંદાજે ૩૫૦ કરોડની કિંમતનું ડ્રગ્સ છે**

યુવાનોને ફરી એકવાર ડ્રગ્સના રવાડે ચડાવવાના પ્રયાસનો પર્દાફાશ થયો છે. દેવભૂમિ દ્વારકામાં ૬૬ કિલો ડ્રગ્સ ઝડપાયું છે. દરિયાઈ માર્ગે દ્વારકામાં ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી પ્રમાણે આ ડ્રગ્સનો જથ્થો ૬૬ કિલો છે. જેમાં ૧૬ કિલો હેરોઈન છે જ્યારે ૫૦ કિલો એમડી ડ્રગ્સ છે. દેવભૂમિ દ્વારકાના આરાધના ધામ પાસેથી ઝડપાયેલા આ ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રી બજારમાં કરોડોની થાય છે. આ પહેલીવાર નથી જ્યારે ગુજરાતમાં દરિયાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ થયો હોય. તાજેતરમાં મુંદ્રામાંથી ૩ હજાર કિલોનું ડ્રગ્સ ઝડપાયું હતું. પોરબંદરના દરિયા કિનારેથી પણ ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અને હવે દ્વારકાના દરિયા કિનારાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતના દરિયાઈ માર્ગને વારંવાર ડ્રગ્સ માટે ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડાને ડ્રગ્સ મામલે મોટી સફળતા મળી છે. દ્વારકામાં એમ.ડી. ડ્રગ્સ સાથે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના એક શખ્સ પાસેથી આ એમડી ડ્રગ્સ મળ્યુ છે. તો બીજી તરફ, આજે સુરતમાં પણ ૫.૮૫ લાખનું સ્હ્ર ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં પ્રવીણ બીસનોઈ નામના વ્યક્તિની ધરપકડ કરાઈ છે. સુરતના પુણા પાસેની નિયોલ ચોકડી પાસેથી એમડી ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. રાજસ્થાનથી સુરત ડ્રગ્સ લાવવામાં આવ્યુ હતું. આ ઘટનામાં એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યો છે.

## ગુજરાતમાં ડ્રગ્સ કોઈ પણ રીતે નહિ ચલાવી લેવાય : ગૃહરાજ્ય મંત્રી

**સતત પકડાઈ રહેલા ડ્રગ્સના જથ્થા વિશે સંઘવીએ જણાવ્યુ કે, ડ્રગ્સનું દૂષણ દુનિયામાં ઝડપથી વધી રહ્યુ છે**

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં ડ્રગ્સનું દૂષણ વધી રહ્યુ છે. દેશભરમાં ડ્રગ્સ ધૂસાડવા માટે ગુજરાત સેફ પેસેજ બની રહ્યું છે. ત્યારે ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો પકડાઈ રહ્યો છે. ત્યારે આજે દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા ૬૬ કિલોથી વધુનુ ડ્રગ્સ પકડાયુ છે. આ મુદ્દે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આકરા શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, ગુજરાતમાં ડ્રગ્સ કોઈ પણ રીતે ચલાવી લેવામાં નહિ આવે. ગુજરાતમાં સતત પકડાઈ રહેલા ડ્રગ્સના જથ્થા વિશે તેમણે જણાવ્યુ કે, ડ્રગ્સનું દૂષણ દુનિયામાં ઝડપથી વધી રહ્યુ છે. યુવા ધનને ડ્રગ્સમાં ધકેલવા માટે માફિયાઓ અનેક ટ્રીક વાપરે છે. ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગ દ્વારા ગુજરાત પોલીસ દ્વારા છેલ્લા અનેક મહિનાઓથી ડ્રગ્સને ગુજરાતના ખૂણેખૂણેથી બહાર કાઢવા માટે સારી કામગીરી કરવામાં આવી રહી હતી. છેલ્લાં બે મહિનાથી રાજ્ય સરકાર અને પોલીસ વિભાગ દ્વારા ડ્રગ્સ મામલે ૫૮ કેસ કરવામાં આવ્યા છે. ૯૦ થી વધુ આરોપીને પકડી પાડવામાં આવ્યા છે. હજી ડ્રગ્સ પેડલરને પકડવાની કામગીરી ચાલી રહી છે. છેલ્લા ૫૫ દિવસમાં ૫૭૫૬ કિલો ડ્રગ્સ પકડાયુ છે. અત્યાર સુધી ૨૪૫ કરોડથી વધુનુ ડ્રગ્સ બે મહિનામાં પકડાયુ છે. જેમાં દ્વારકાનો આંકડો સામેલ નથી. આ સાથે જ



તેમણે રાજ્ય પોલીસ વડા આશિષ ભાટિયાની ટીમને ડ્રગ્સ પકડવાની કામગીરી માટે અભિનંદન આપ્યા હતા. તેમણે વધુમાં કહ્યુ કે, ગત બે ત્રણ દિવસમાં ગુજરાત પોલીસની અલગ અલગ ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી છે. માત્ર જિલ્લાની પોલીસ દ્વારા દ્વારકામાં આટલુ મોટુ કન્સાઈમેન્ટ પકડવુ એ પહેલી ઘટના બની છે. અમદાવાદ, સુરતમાં પેડલરની ધરપકડ કરાઈ છે.

## નોબેલ વિજેતા મલાલા યુસુફઝાઈએ નિકાહ કર્યા

કરાંચી, તા.૧૦

નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝાઈ બર્મિંગહામમાં એક નાનાકડા સમારોહમાં લગ્નના બંધનમાં બંધાઈ ગઈ છે. એજ્યુકેશન એક્ટિવિસ્ટ મલાલા યુસુફઝાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાના નિકાહની તસવીરો શેર કરીને આ વાતની જાણકારી આપી છે. તેણે ઘણી સુંદર તસવીરો લોકો સાથે શેર કરી છે. મલાલા યુસુફઝાઈએ મંગળવારના રોજ પોતે આ વાતની પૃષ્ટિ કરી છે. નિકાહની અને પતિ સાથેની તસવીરો પોસ્ટ કરીને મલાલાએ લખ્યું છે કે, આજે મારા દિવસનો એક અમૂલ્ય દિવસ છે. જીવનસાથી બનવા માટે હું અને અસર લગ્નના બંધનમાં બંધાઈ ગયા છીએ. અમે અમારા પરિવારોની હાજરીમાં બર્મિંગહામમાં ઘરમાં જ એક નિકાહ સેરેમનીનું આયોજન કર્યુ હતું. અમના માટે પ્રાર્થના કરજો. અમે આગળના સફરમાં સાથે ચાલવા માટે ઉત્સુક છીએ. મલાલાએ સોશિયલ મીડિયા પર ચાર તસવીરો શેર કરી છે.

# રાજસ્થાનમાં ટેન્કરની ટક્કરથી બસમાં આગ

**રોંગ સાઈડ પરથી આવતા ટેક્રરે જોરદાર ટક્કર મારી : ૧૧ પ્રવાસી બસની આગમાં ભૂંજાઈ ગયા, એકનું હોસ્પિટલમાં મોત, બાડમેર જિલ્લાના ભંડિયાવાસ નજીક બાડમેર-જોધપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અકસ્માત**

જયપુર, તા.૯

રાજસ્થાનના બાડમેર જિલ્લાના ભંડિયાવાસ નજીક બાડમેર-જોધપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બુધવારે સવારે બસ અને ટેક્રર વચ્ચેની અથડામણમાં ઓછામાં ઓછા ૧૧ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા જ્યારે એક વ્યક્તિનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. ટક્કર એટલી ગંભીર હતી કે આખી બસ આગની લપેટમાં આવી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતુ કે આગ ઓલવવામાં આવ્યાના કલાકો પછી પણ બચાવ ટીમો બસમાં પ્રવેશી શકી ન હતી. પોલીસના જણાવ્યા અનુસાર, દાઝી ગયેલા ૨૨ મુસાફરો બાડમેર જિલ્લાના બલોત્રાની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. અકસ્માતમાં બચી ગયેલા લોકોના જણાવ્યા અનુસાર, બસ સવારે ૯.૫૫ વાગ્યે બાલોત્રાથી શરૂ થઈ હતી અને જોધપુર જઈ રહી હતી. રોંગ સાઈડથી આવતા એક ટેક્રરે બસને ટક્કર મારી હતી, જે




ગુજરાતના ખાનગી ઓપરેટરની હતી. બસમાં ત્રણ ડઝન જેટલા મુસાફરો સવાર હતા. બસમાં પ્રવાસ કરનારા મુસાફરોનો ચોક્કસ આંકડો હજુ પણ જામી શકાયો નહતો કારણ કે ખાનગી બસ રસ્તામાં ઘણી જગ્યાએ મુસાફરોને લેતી-ઊતારતી હતી,એમ પોલીસે જણાવ્યું હતું. બાડમેર જિલ્લા કલેક્ટર લોક બંધુ, પોલીસ અધિક્ષક દીપક ભાર્ગવ, પચપાદરાના ધારાસભ્ય મદન પ્રજાપત, પ્રભારી મંત્રી સુખરામ વિશ્નોઈ અને અન્ય લોકો ઘટના સ્થળે પહોંચ્યા હતા. એસપી ભાર્ગવે જણાવ્યું હતું કે અકસ્માતની અસર ગંભીર હતી અને ઘણા મુસાફરો ગુજરાતની ખાનગી ટ્રાવેલ કંપનીની સળગતી બસમાંથી બહાર નીકળી શક્યા ન હતા. એસપીએ જણાવ્યું હતું કે, એકવાર બચાવ ટુકડીઓ તેમાં પ્રવેશ્યા પછી બસમાંથી વધુ મૃતદેહો મળી આવે તેવી શક્યતા હતી.

## ભરતપુરના સાંસદ રંજીતા કોલી ઉપર હુમલો

ભરતપુર,તા.૧૦

ભાજપની ભરતપુર સાંસદ રંજીત કોલી પર એક વખત ફરીથી ગુંડાતત્વોએ હુમલો કર્યો છે. હુમલાખોરોએ સાંસદ રંજીત કોલીનાં ઘરની બહાર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે. હુમલાની આ ઘટના બાદ એમપી રંજીતા કોલીની તબિયત લથડી છે. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. હુમલાખોરોએ સાંસદનાં ઘરની બહાર તેની ફોટો લગાવી તેનાં પર ક્રોસનું નિશાન લગાવ્યું છે. આ સાથે જ તેને જીવથી મારી નાંખવાની ધમકી આપતાં પોસ્ટર પણ ચોટાડ્યાં છે. હુમલા બાદ ઘટના સ્થળેથી પોલીસને ત્રણ ખાલી કારતૂસ મળી છે. હુમલાખોરોનાં હજુ સુધી કોઈ પુરાવા મળ્યાં નથી. માહિતી પ્રમાણે, સાંસદ રંજીતા કોલી પર હુમલાની ઘટના મંગળવારે રાત્રે આશરે ૧૧.૪૫ વાગ્યે બયાના સ્થિત નિવાસસ્થાન પર થઈ છે. આ હુમલાખોરોએ તેનાં ઘરની બહાર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે જે બાદ તેમનાં ગેટની બહાર તેની તસવીર લગાવી તેનાં પર ક્રોસનું નિશાન લગાવ્યું છે.

## મેરઠ સહિત અનેક રેલવે સ્ટેશન ઊડાડી દેવા ધમકી

નવી દિલ્હી, તા.૧૦

ઉત્તર પ્રદેશના મેરઠ ખાતે સિટી રેલવે સ્ટેશન પર મંગળવારે બપોરે ૩:૩૦ કલાકે પોસ્ટ દ્વારા ધમકીભર્યો પત્ર પહોંચ્યો હતો. આ પત્રમાં મેરઠ સહિત અનેક જિલ્લાઓમાં રેલવે સ્ટેશન્સને ૨૬ નવેમ્બરના રોજ અને ૬ ડિસેમ્બરના રોજ ધાર્મિક સ્થળોને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીભર્યા પત્રના અનુસંધાને જીઆરપી દ્વારા રેલવે સ્ટેશન પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મેરઠ સિટી રેલવે સ્ટેશન અધીક્ષકના નામથી મોકલવામાં આવેલા પત્રમાં લખ્યું હતું કે, હું મારા જિહાદીઓના મૃત્યુનો બદલો જરૂરથી લઈશ. ખુદા મને માફ કરી દેજો, અમે હિંદુસ્તાનને તબાહ કરી દઈશું. ૨૬ નવેમ્બરના રોજ ગાઝિયાબાદ, હાપુડ, મેરઠ, મુઝફ્ફરનગર, અલીગઢ, ખુર્જા, કાનપુર, લખનૌ, શાહજહાપુર સહિત અનેક રેલવે સ્ટેશન્સને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવશે. વધુમાં ૬ ડિસેમ્બરના રોજ અયોધ્યાના હનુમાનગઢી, રામજન્મભૂમિ, ઈલાહાબાદ, ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને સહારનપુર સહિત યુપીના અનેક મંદિરોને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવશે. જોકે આ પહેલા પણ રેલવે સ્ટેશન પર ૩ ધમકીભર્યા પત્રો આવેલા છે.

# જમ્મુ કાશ્મીરમાં CRPFની ૫ કંપનીઝ મોકલવા નિર્ણય

**ટાર્ગેટ કિલિંગને લઈને કેન્દ્રનું મહત્વપૂર્ણ પગલું : ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં સુરક્ષા મુદ્દે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો**

નવી દિલ્હી, તા.૧૦

જમ્મુ કાશ્મીર ખાતે આતંકવાદીઓ દ્વારા સામાન્ય નાગરિકોની સતત થઈ રહેલી હત્યાઓને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે મહત્વનું પગલું ભર્યું છે. હકીકતે ગૃહ મંત્રાલયે જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફની ૫ એડિશનલ કંપનીઝ મોકલવાનો નિર્ણય લીધો છે. આ કારણે રાજ્યમાં હવે સુરક્ષા દળોની કુલ કંપનીઝની સંખ્યા ૫૫ થઈ જશે. ઉચ્ચ અધિકારીઓના કહેવા પ્રમાણે અત્યાર સુધી જમ્મુ કાશ્મીરમાં બીએસએફની ૨૫ અને સીઆરપીએફની ૨૫ કંપનીઝ તૈનાત હતી. આ નિર્ણય ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં સુરક્ષા મુદ્દે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો હતો. અમિત શાહે ઓક્ટોબર મહિનાના અંતમાં જમ્મુ કાશ્મીરની મુલાકાત લીધી હતી. જે રાજ્યમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરાયા બાદની શાહની પ્રથમ વખતની મુલાકાત હતી.

છેલ્લા ૪૮ કલાકમાં આતંકવાદીઓ દ્વારા એક પોલીસ કર્મચારી સહિત ૨ હત્યાઓ કરવામાં આવી ત્યાર બાદ સીઆરપીએફ દ્વારા ૫ કંપનીઝ તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ તૈનાતી એક સપ્તાહમાં પૂર્ણ થઈ જશે. મતલબ કે, વધુ ૭૫૦૦ જવાનો તૈનાત કરવામાં આવશે જેઓ આતંકવાદીઓ વિરૂદ્ધ ઓપરેશન્સમાં મહત્વની ભૂમિકા ભજવશે. ઓક્ટોબર મહિનાથી અત્યાર સુધીમાં ઘાટીમાં ૧૫ નાગરિકોની હત્યા કરવામાં આવી છે. તેમાં કેટલાક બિનકાશ્મીરી યુવાનો પણ સામેલ છે. છેલ્લા થોડા સમયથી પિસ્તોલ દ્વારા ટાર્ગેટ કિલિંગમાં વધારો નોંધાયો છે.

